





'સત્તાનો દુરૂપયોગ'ના પડઘા પડે છે!
પ્રજાના શોષણના ભેદી પડઘા પડે છે!
પડઘા પડે છે મત-મશીન પર સીધા -
તંત્ર સામે ઉઠે સવાલ, પડઘા પડે છે..




કર્મા ના કર્મો
ને "સલવા જુડુમ"
જવાબદાર!
(વનવાસી જૂથ નામે જૂલ્મો)

જુલ્મી આઘાત
ના પડે પ્રત્યાઘાત
નક્ષલવાદ..
(સ્વતંત્ર અને સ્વાયત્ત)

## ચિંતન

**ભાવ મિચ્છતિ સર્વસ્વ ના ભાવે કુહતે મનઃ ।**
**સત્યવાદી મૃહુર્યાક્તો યા સ ઉત્તમ પુરૂષઃ ॥**

'જે સર્વનું કલ્યાણ ઇચ્છે છે અને કોઇના અકલ્યાણની કલ્પના સરખી પણ કરતા નથી, જે સત્ય બોલે છે, કોમળ-નમ્ર-વિવેકી ભાવ રાખે છે અને ઇન્દ્રિયો પર સંયમ કેળવી વશમાં રાખે છે તે ઉત્તમ પુરૂષ છે..'

**સંત-સજ્જન-ઉત્તમ પુરૂષનો સ્વભાવ જ એવો હોય છે કે કોઇની કૂથલી-ટીકા નિંદા જાતે કદાપિ કરતા નથી કોઇનો દોષ ભૂલેચૂકે પણ દેખાઇ જાય તો પોતાની આંખમાં જ એને 'સમાધિ' આપી દે છે એનો પ્રચાર-પ્રસાર કરતા નથી - કોઇની નિંદા ન કરે એ તો બરાબર છે પણ તેમને કોઇના દોષ-નિંદા સાંભળવાની પણ દુઃખ-ત્રાસ થાય છે કોઇની ટાક સાંભળવામાં એમને જરા પણ રસ પડતો નથી.**

**સૌનું કલ્યાણ-સારૂં ઇચ્છે છે અલબત્ત કોઇનું અકલ્યાણ તો સ્વપ્ને ય વિચારે નહીં શક્ય હોય ત્યાં સુધી સત્ય બોલે અને સત્યને જ સાથ આપે છે.**

**એમની વાણીમાં સદાય-વિનય-વિવેક સાથે કુમાશ હોય રૂક્ષતા અને કડછાપણું હોય જ નહીં - આવા સજ્જન મહાન અને ઉત્તમ છે.**

## સુવિચાર

- જયારે ક્રોધિત થવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તે સમયે તેના પરિણામનો વિચાર કરો - **કન્ફ્યૂશિયસ**
- સમગ્ર જગતને એક તાંતણે બાંધવાની યોજના કરવી સરળ છે, પરંતુ પોતાના ક્રોધ પર વિજય મેળવવો અત્યંત મુશ્કેલ છે - **વિનોબા ભાવે**
- જયારે ક્રોધ મગજ પર કાબૂ જમાવે છે ત્યારે વિચારશક્તિ શૂન્ય થઇ જાય છે - **એમ હેન્રરી**
- જે પોતાના ક્રોધ પર નિયંત્રણ મેળવે છે તે જ બીજાના ક્રોધથી બચી શકે છે, તે જ પોતાનું જીવન સુખી બનાવી શકે છે - **સોક્રેટિસ**
- જે ક્રોધ પર યોગ્ય નિયંત્રણ રાખે છે તે જ સ્વર્ગનો સાચો અધિકારી છે - **કુરાન**
- આત્માને ઉત્તમ કરવાનાં ત્રણ જ માર્ગ છે : કામાતુરતા, ક્રોધ અને મોહનો ત્યાગ - **ગીતા**
- જે ક્રોધિત થવામાં વિલંબ કરે છે તે ઉચ્ચ વિવેક સંપન્ન છે; પરંતુ જે ઉતાવળીયો છે તે મૂર્ખતાનો ઉપાસક છે - **બાઇબલ**

## બોધ કથા

મૈત્રીમાં ત્યાગ, સેવા અને સમર્પણ તો છે જ, મૈત્રીનો પાયો છે સંપૂર્ણ 'વિશ્વાસ' મિત્રોનાં હૃદયમાં અંત-કરણથી એક વિશ્વાસ હોય છે કે આ સંજોગોમાં મારા મિત્રનું વર્તન આવું જ હશે અને એ મૈત્રીનો આધાર છે.

બે એક જ નામના નામપણથી એવા મિત્રો સૈન્યમાં પણ સાથે જ જોડાયા - એક જ ટ્રુપમાં, એક જ ટેન્ટમાં રહેતા હતા. યુદ્ધ થઇ ચૂક્યું હતું.

કેપ્ટન તરફથી ખરાબ સમાચાર મળ્યા, 'તારો મિત્ર યુદ્ધ ભૂમિમાં બહુ ખરાબ રીતે ઘાયલ થયો છે.' તરત બૂટ પહેરવા લાગ્યો - કેપ્ટન કહે હવે એને મળવા જવાનો કોઇ અર્થ નથી. તું યુદ્ધભૂમિ પર પહોંચીશ ત્યાં સુધીમાં તો એ મૃત્યુ પામ્યો હશે. સાંજે બધાં 'ડેડ બોડી' આવે ત્યારે જોઇ લેજે!

મિત્ર કહે - ના, સર એ મારી રાહ જોતો હશે મને મળ્યા વિના એ કોઇ પણ હિસાબે જાય નહીં, એમ કહી દોડતો યુદ્ધભૂમિ તરફ ગયો.

લગભગ બે કલાકે મૃતદેહ લઇ પરત આવ્યો. કેપ્ટન કહે - મેં તને નો'તું કહ્યું હવે મળવા જવાનો કોઇ અર્થ નથી!

મિત્ર કહે ના, સાહેબ એવું નથી. હું ગયો ત્યારે એણે કહ્યું મને ચોક્કસ ખાતરી હતી કે તું મને મળવા જરૂર આવીશ. પછી મારે હાથે પાણી પીધું અને મારા ખોળામાં ઢળી પડ્યો. મૈત્રી એટલે વિશ્વાસ..

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ક્રિકેટનો 'શ્રી ૪૨૦' સંત..!! રૂપિયા અને રૂપલલનાનાં રવાડે રમત રફેદફે..!!

## લપસણાં મનોરંજન અને પૈસાની માયાજાળનું સ્પોટ ફિકસીંગ... ખીસ્સાનો રૂમાલ ગળાનો ફંદો બન્યો... નાઈટ પાર્ટીનાં રંગે ચઢતાં પ્લેયર્સે રમતને રમતમાં કાઢી... સંભલ કે રહેના..!!

ક્રિકેટ કાર્નિવલ આઇપીએલમાં છેલ્લાં તબક્કામાં પહોંચેલી અને રોમાંચક મોડ આવે તે પહેલાં જ સ્પોટ ફિક્સીંગની માખીએ જોરથી છીંક ખાધી... મુંબઇ ઇન્ડિયન્સ સામેની મેચ પતાવી 'રાજસ્થાન રોયલ્સ' ટીમ વાનખેડે સ્ટેડિયમથી ટ્રીડેન્ટ હોટલ ભેગી થઇ ગઇ. મેચ દરમિયાન બંને ટીમનાં ખેલાડીઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઇ હતી. મુંબઇ ઇન્ડિયન્સે કોઇ જરૂરીયાત વગત મ્હેણાં મારેલાં હતા, પણ એ જ્ઞાસ તો કંઇ જ નહોતો, એવો ત્રાસ રાજસ્થાન રોયલ્સનાં સંચાલકો અને કેપ્ટન રાહુલ દ્રવિડને પરોઢિયે સહન કરવો પડ્યો...

સૂર્યોદય થાય એ પહેલાં દિલ્હી પોલીસ 'રાજસ્થાન રોયલ્સ'નાં ત્રણ ખેલાડીઓને સ્પોટ્ ફિક્સીંગનાં આરોપ હેઠળ ધરપકડ કરી લીધી... ટીમનો મેનેજર તો હચમચી ગયો. ડાયરેક્ટ ધરપકડ એટલે નક્કી પોલીસ પાસે પુરાવા હશે જ અએવું એને એ ક્ષણે જ ખબર પડી ગઇ... શ્રીસંત, ચંડિલા અને ચવ્હાણ આ ત્રણેય ખેલાડીને પોલીસ પકડીને લઇ જતી હતી. ત્યારે આ હાદસો જોનારાં સૌને વહેલી સવારનાં ઠંડા પવનમાંય પરસેવો છુટી ગયો...

આપણને બધાંને ખબર છે કે ભારતમાં સટ્ટો રમવો એ કાયદાકીય ગુનો છે અને છતાંય કરોડો લોકો આ ધંધામાં કરોડોની ઉથલપાથલ કરે છે. આ કાળા કામમાં સ્કૂલ-કોલેજનાં વિદ્યાર્થીઓથી લઇ કાળી મજૂરી કરતાં મજૂરો પણ ભરાયેલાં છે. ભલભલા લોકોનાં મોંઢે 'પેટી દિયા' અને 'ખોખા ખાયા' જેવી સટ્ટા બજારની પ્રચલિત ભાષા લોકોનાં ફોન પર થતી સાંભળવા મળે છે. ગાંધીનગરમાં ગણિત - વિજ્ઞાનનાં ટ્યુશન કલાસ ચલાવનારાં એક ઉચ્ચ શિક્ષિત સાહેબ આ સટ્ટાના રવાડે ચઢીને ખેદાન-મેદાન થયાનો દાખલો ઘણાને ખબર છે. મેચમાં રીઝલ્ટ પર સટ્ટાબાજ માત્ર ૧૦ ટકા રકમ લગાડે છે. જયારે ૯૦ ટકા રકમ પ્રત્યેક ઓવરે બદલાતી રમત માટે લગાડવામાં આવે છે. આઇપીએલ એવાં પ્રકારનું ક્રિકેટ છે જેમાં સટ્ટાબાજો માટે ચરવા માટેનું શ્રેષ્ઠ મેદાન ગણાય છે... ટી-૨૦ માં પ્રત્યેક દડા પર મેદાન પર નાટક રમાય છે એટલે આ રમતમાં સટ્ટાબાજોને વધુ નશો ચઢે છે...

**Hello ફ્રેન્ડસ!**

**- સંજય થોરાત**




શ્રીસંત અને ચંડિલાએ શું ભૂલ કરી? જો વિચારીએ તો તેઓ કેટલા મુરખ હતા. એમ જ શોર્ટ કર્ટથી પૈસા કમાવવાનાં લોભમાં કેટલાં ડુબી ગયા હતા એ ધ્યાને આવે છે. આ લોભીઓએ ભુકી સાથેની વાતચીત એસએમએસ, બીબીએમ અને વ્હોટ્સ એપ પણ કરેલી... દિલ્હી પોલીસ બીજી કોઇ તપાસ કરતી હતી અને એમાં આ જોકરો ઝડપાઇ ગયા. પોલીસે ત્રણ અઠવાડિયા વોચ રાખી, એમનાં મોબાઇલ વાતચીતનાં રેકોર્ડીંગ સાથે પુરાવા ઊભા કરી હાથકડી પહેરાવી દીધી.

શ્રીસંતે બુકી સાથે કરાર કરીને ખોટું પગલું ભર્યાની ખાલી માન્યતા આપી, એમ નહીં પણ ક્રિકેટનાં મેદાન પર એણએ સ્પષ્ટ સંકેત પણ આપ્યા. (ખિસ્સામાં રૂમાલ ભરાવીને) અને પછી સ્પોટ ફિક્સ કરેલી ઓવર પણ નાંખી... આ બધાં પુરાવા જો કોર્ટમાં સિદ્ધ થઇ ગયાં તો ૧૨ વર્ષનો કારાવાસનો પાક્કો જ છે. પહેલી આઇપીએલ વખતે હરભજન અને શ્રીસંત વચ્ચે થયેલાં ભડકામાં હરજભને જે ખેંચીને એના ગાલ પર તમાચો ચોડેલો ત્યારે હરભજન પર ગુસ્સો આવેલો, પણ અત્યારે તો એમ જ લાગે છે એણે વધારે ખેંચી દેવાની જરૂરી હતી... હરભજન પંજાબ પોલીસ છે અને એ કદાચ પહેલો એવો અધિકારી બન્યો હશે કે એને શ્રીસંતમાં ગુન્હેગાર દેખાયો હશે એટલે એડવાન્સમાં જ લાફો મારી દીધો...

કોઇ પણ ચોર ચોરી કરે ત્યારે બધી વાતોનો વિચાર કરીને પોતાની જાતને સમજાવીને તૈયાર કરે છે કે મારી ચોરી પકડાશે નહીં, નકારાત્મક વિચાર કરનારાં ઘણાં કહેશે કે ચોરી તો બધાં જ કરતાં હોય છે, ફક્ત પકડાયાં બિચારા આ લોકો...!!

ક્રિકેટના ટી-૨૦ ૨૦૦૭માં પ્રથમ વર્લ્ડકપમાં પાકિસ્તાન સામેની ફાઇનલમાં વિજય વચ્ચે આડા ઉભેલા મિસ્બાહ કેચ પકડીને વર્લ્ડકપ વિનીંગ ટ્રોફી પકડાવવામાં હિરો સાબિત થયેલો શ્રીસંત જયારે કાળા કપડાથી મોઢું સંતાડતો પોલીસનાં હાથે પકડાઇને જતો લાગે છે, જે દિવાસળીથી દીવો સળગાવાય છે એ જ દિવાસળીથી સિગારેટ પણ સળગાવાય છે, જીવનનું આજ સત્ય છે... પૈસાની આવશ્યકતા સૌને જ છે અને સારા માર્ગે પુષ્કળ રૂપિયા કમાવવામાં કશું ખોટું નથી, પણ સરસ મજાની થાળીમાં મમ્મી પ્રેમથી શ્રીખંડ પીરસે અને આપણે કહીએ કે, "મને શ્રીખંડ નહીં છાશ ખવડાવ" એવા નાલાયકોની જમાત ભેગી થયેલી છે...

ટેસ્ટ ક્રિકેટમાં એક દિવસ પરસેવા પાડવાનાં ૨૫ ફ્રેંચાઇઝી લીલામીથી કરોડો રૂપિયા હસતાં હસતાં આપી ખરીદી લાવે છે અને તોય આ આછકલા, રખડી ગયેલા ખેલાડીઓ 'બેટીંગ' કરીને ફટાફટ પૈસા કમાવવાનાં કાર્યમાં કેમ ફસાય છે? આવો પ્રશ્ન સામાન્ય વ્યક્તિના મનમાં ઘમરોયા કરે છે... એટલે જ પૈસા અને લક્ષ્મીનો ભેદ બતાવવાની ઇચ્છા થાય છે. લક્ષ્મી ઘરનાં મુખ્ય દ્વારેથી વાજતે ગાજતે આવે, ગૃહલક્ષ્મી આ લક્ષ્મીનાં ઓવારણાં લઇ એને ઘરમાં આવકારે અને ત્યારે ઘર-પરિવારનાં સૌ ગર્વથી ઘર માલિક સામે જુએ અને આવી લક્ષ્મીથી ઘરનાં અને સમાજનાં સૌનું કલ્યાણ થાય...

પૈસા અને મોટા ભાગે પાછલા બારણે જ આવે, દબાતા પગલે આવે, ઘરનાં બાળકો સૂતા હોય ત્યારે દબાતા અવાજે એની વાત થાય અને ઘરની ગૃહલક્ષ્મી નારાજગી સાથે એની આ સોતનને ઘરમાં લે છે, પૈસામાં અહંકાર ભરાયેલો હોય છે અને સામાજિક સન્માનતો છેક દૂર દૂર સુધી મળતું નથી... કળીયુગમાં અનેક લોકો સામે ડગલેને પગલે પ્રલોભનોની કેળાની છાલ રસ્તામાં પડેલી જ હોય છે. ખરાબ વાતો એકદમ પાસે તો સારી વાતો જોજનો દૂર હોય છે. ખેલાડીઓને પ્રલોભન આપવાનું - ફસાવવાનું અમુક લોકોનો ધંધો છે. એને ચોખ્ખે ચોખ્ખી ના પાડવી એ ખેલાડીઓનું કર્તવ્ય છે... કોઇ કોકની સોબતથી ખરાબ થાય છે અથવા ખોટું કામ કરવા જબરદસ્તી કરી શકે છે એ વાતમાં માલ જ નથી. 'કાંઇ થશે નહીં તું તારે સિગારેટ પી' એવું કહેનારો મિત્ર આજુબાજુમાં હોય છે તો લાઇબ્રેરીમાં જઇ ડોક લટકી જાય ત્યાં સુધી અભ્યાસ કરનારો મિત્ર પણ આપણી સાથે જ હોય છે, તમારે કો'ની સોબત કરવી છે એ તો જેનો તેનો પ્રશ્ન છે!!

શ્રીસંતને જો બુકી જોડે સેટીંગ કરી સ્પોટ ફિક્સીંગ કર્યું તો દોષ બીજાને આપવાનો શો અર્થ? ઋષીતુલ્ય રાહુલ દ્રવિડ જેવો કેપ્ટન સાથે હોય અને એના આદર્શનો પછડાયો તમે ના બની શકો? જો સાચ્ચે જ ખીસ્સામાં રૂમાલ ભરાવીને બુકીને સમય મળે એ માટે ખોટી કસરતો કરી, ફિલ્ડીંગ ગોઠવી સ્પોટ ફિક્સીંગવાળી ઓવર કરી હોય તો એવાને તો એનાં જ બેટ વડે ધુલાઇ કરવી વધારે અને એ સિવાય હજી બીજી બે-ચાર થપ્પડો ઠોકવાનો ઠેકો હરભજનને આપવો જોઇએ...

સ્કૂલના ત્રણ વિદ્યાર્થીઓ ગેરવર્તણૂક કરે એટલે આખી શાળા તો ના બંધ કરાય ને? એટલે ક્રિકેટ કે આઇપીએલ બંધ કરવાનો સવાલ નથી. શ્રીસંતના પિતાજીએ ધોની - હરભજન પર શ્રીસંતને ફસાવ્યાનો આરોપ મુક્યો છે. પણ મારા ભાઇ શ્રીસંતનાં ખીસ્સામાં રૂમાલ મુકવા ધોની તો નહોતો ગયો ને? દરેક મા-બાપને એમ જ લાગે કે એનાં બાળકો નિર્દોષ છે, પણ એમની બાજુ લેવામાં બીજા પર તો કિચડ ના ઉછાળાય ને?

હેલ્લો ફ્રેન્ડસમાં વિષય છેડવા પાછળનો એક જ આશય કે તમને કોઇ મફતમાં મોબાઇલ, બાઇક આપે, તમારૂં રિચાર્જ કરાવે, તમને મફતમાં સિગારેટ, ગુટખા ખવડાવે તો સમજવું કે આપણે ક્યાંક ખોટી જગ્યાએ ફસાઇ રહ્યાં છીએ. રાવણો રૂપ બદલીને તૈયાર છે તમારે તમારી જાતને બચાવવાની છે, બે ધ્યાનપણું છાપાની હેડલાઇન બની શકે છે...

**ચૂંટલો :**

છોકરાઓને નવાં કપડાં અપાવવા મહેનત કરી રૂપિયા કમાવી લાવતી સ્ત્રી અને મોજશોખ કરવાં રૂપિયા કમાવવા કપડાં ઉતારતી સ્ત્રી વચ્ચેનો ભેદ સમજાય તો 'શ્રી ૪૨૦' સંત થવાથી ગેરંટેડ બચાય.

# દિવાળી પર આ વખતે આવી ભેટ આપજો

ભેટ આપવાનો પણ એક અનેરો આનંદ હોય છે અને દિવાળીની ભેટ તો સીધી દિલને સ્પર્શી જાય છે.

ભેટ એ ફક્ત આત્મીયતાનું સંધાણ નહીં, પરંતુ સંબંધોને મજબૂત કરવાનું એક અનેરૂં સાધન છે. ભેટનું મહત્ત્વ એની કિંમતથી નહીં, પણ ભાવનાથી આંકવામાં આવે છે.

તહેવારના સમયે તો ભેટનું બજાર જાતજાતની વસ્તુઓથી સજી ઊઠતું હોય છે, પરંતુ ખરીદવાનો નિર્ણય કરવો મુશ્કેલ બની જાય છે કે શું ખરીદવું અને શું ખરીદવું? 'કાંઈક એવી ભેટ હોવી જોઈએ કે જે કદી ના આપવામાં આવી હોય.' અથવા તો એવું હોવું જોઈએ કે આ ભેટ આપણે જેને આપીએ છીએ તે એને ઉપયોગી છે કે નહીં?

પરંતુ આ વખતે દિવાળીની શુભેચ્છાઓ સાથે એક એવી આકર્ષક ભેટ મોકલો જે દરેકને ગમે.

સમાજમાં રહેનારૂં પ્રાણી સામાજિક હોવાને કારણે આદાનપ્રધાનની માનસિકતામાંથી મુક્ત થઈ શકતું નથી. ભેટ ખરીદતી વખતે એને દ્વિધા અનુભવવી પડતી હોય છે. 'કયાંક એવી ભેટ કોઈએ ન આપી દીધી હોય તો?' અથવા 'આ એના



**પોઝિટિવ થિન્કિંગ**

**યશવંત કડીકર**

કામમાં આવશે કે નહીં?'

તમારી પસંદગીની પણ સામને કદર થાય તો કેવી વસ્તુ ભેટ આપીશું એ વિશે ચાલો વિચારીએ... જેમ કે મીણબત્તીઓનો સેટ. ફેન્સી જુદી જુદી જાતની મીણબત્તીઓ તમે ખરીદવો અને તમારી કલાત્મક દૃષ્ટિએ પેક કરો. અંદર શુભેચ્છા પત્ર મૂકો અને એ ભેટ આપો તમારા કોઈ પ્રિયજનને.

મીણબત્તીઓ ફક્ત સજાવટનું સાધન નથી બનતી, પરંતુ બેઠકરૂપને પ્રકાશિત પણ કરે છે.

તમારી કોઈ પ્રેમિકા - પ્રેમીને ભેટ આપવી હોય તો તેમને માટે પસંદ કરો સેંટની શીશીના આકારની મીણબત્તી કે કોઈ ક્રિશ્ચિયન મિત્રને ક્રિસમસની શુભેચ્છા પાઠવવી હોય તો પેલી ખૂણામાં મૂકેલી સાંતાકલોઝના આકારવાળી મીણબત્તી આપો. એ દિવાળીની ભેટ પણ છે અને ક્રિસમસની શુભેચ્છાની વસ્તુ છે.

જેવા આકારની મીણબત્તીઓ જયાં વધુ આકર્ષક લાગતી હોય તે આનંદની ક્ષણોનો અનુભવ પણ કરાવે છે. જેમ કે મનગમતી મીણબત્તી અને નાના ભૂલકાંઓ માટે રમકડાંના આકારની મીણબત્તીઓ.

પ્રસંગ અને સંબંધ પ્રમાણે જો પસંદગી કરવામાં આવે તો દિવાળી પર્વની આવી સુંદર ભેટ સામાને પ્રભાવિત તો કરશે જ અને સાથે સાથે ઉપયોગી પણ બનશે.

આમ, નવું વર્ષ બંને પક્ષે આનંદનો ઉત્સવ બની રહેશે.

# મહિનાના પહેલા દિવસે જઇને બેંકમાં પગાર બીલ જમા કરાવી આપતો હતો, પછી દરેક શિક્ષક પોતાના ખાતામાંથી એક પછી એક જઇ પગાર લઇ આવતા હતા

એ રાત કદાચ મારા જીવનની સૌથી ભયંકર કાલરાત્રી બની ગઇ હોત. અરે! માત્ર કાલરાત્રી નહીં કદાચ જીવનની અંતિમ રાત પણ બની જાત. આજે પણ હું જયારે તે રાત વિષે વિચારું છું ત્યારે હૃદયમાં બેચેની થવા લાગે છે.

આ એ વખતની વાત છે જયારે હું મારા ગામની બહુ દૂરના એક શહેરની નજીકનાં ગામડામાં સરકારી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે નોકરી કરતો હતો. મને એ ગામમાં સગવડતા ન લાગી તેથી હું તેની નજીકમાં આઠ દસ કિલોમીટર દૂર શહેરી વિસ્તારમાં રહેવા લાગ્યો. અહીં જીવન જરૂરી સુવિધાઓ મળી રહેતી હતી. અહીંના કાપડના એક વેપારીના ઘરનો બહારનો ઓરડો મને ભાડેથી રહેવા મળી ગયો. મારા ઘરનું એક બારણું રસ્તા ઉપર ખુલતું હતું અને બીજું મકાન માલિકનાં ઘરમાં ખુલતું. એ રીતે મારૂં ઘર અલગ પણ હતું અને તેના ઘર સાથે જોડાયેલું પણ હતું. પાણી લેવા માટે તેમજ શૌચાલય માટે મારે અંદરનું બારણું ખોલવું પડતું હતું. તે સિવાય બાકી આવવા જવા માટે રસ્તા પરનાં બારણાંથી જ મારો વહેપાર રહેતો હતો. સવારે ન્હાઇ-ધોઇ તૈયાર થઇ જતો અને જમીને સ્કુલે પહોંચી જતો. સ્કૂલમાં પહોંચીને હું મન લગાવીને કામ કરતો. શરૂઆતમાં મારી નિયમિતતા અને કડક વલણ શિક્ષકોને ગમ્યું નહોતું. પણ જેમ જેમ સમય વિતતો ગયો તેમ એ બધાને પણ મારા સંગનો રંગ લાગી ગયો. અને એ સૌ પણ સમર્પિત ભાવે મન લગાવીને કામ કરવા લાગ્યા. 'જેવો રાજા તેવી પ્રજા' એ ન્યાયે સંસ્થાના મુખ્ય વ્યક્તિના સમર્પણ અને નિષ્ઠા જોઇ સૌ પોતપોતાના કર્તવ્યનું ખુબ સારી રીતે પાલન કરવા લાગ્યા હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો બધા ખુશ હતા. વિદ્યાર્થી - વિદ્યાર્થીઓ એ માટે ખુશ હતા કે તેમના કોઇ પિરીયડ ખાલી રહેતા ન હતા અને જે શિક્ષકો કલાસમાં આવતાં હતા તે ખુબ મન લગાવીને ભણાવતા હતા. શિક્ષકો એ માટે ખુશ હતા કે હવે તેમને ગામ લોકો તરફથી ખુબ વખાણ અને સન્માન પ્રાપ્ત થવા લાગ્યું હતું. તો ગામ લોકો એ માટે ખુશ હતા કે આસપાસના સમગ્ર વિસ્તારમાં તેમના ગામની સ્કૂલ એક આદર્શ ગણવા લાગી હતી. જયાં વિદ્યાર્થી અને શિક્ષકો સમયસર આવતા હતા અને અભ્યાસકાર્ય પણ ખૂબ સરસ હતું. એ રીતે સૌ કોઇ ને સંતોષ હતો. પણ એક વ્યક્તિ એવી હતી. જેને એમ લાગતું હતું કે આ જે કંઇ થઇ રહ્યું છે તે હિતમાં નથી. એ વ્યક્તિ નો કારકૂન મફતલાલ હતો.

મફતલાલ આ શાળામાં લગભગ દશ વર્ષથી કામ કરતો હતો. નિશાળના નજીકના ગામનો જ વતની હતો. પણ કયારેક સયમસર આવતો નહીં. તેની દૃષ્ટિએ નિશાળના નાણાં તેની બાપીકી સંપત્તિ હતી. તેથી એ ઇચ્છતો કે તેમાંથી એ પોતાનું ઘર ભરી લે. આ પહેલાનાં મુખ્ય શિક્ષકે તેની અનિયમિતતા, કમિશનબાજી અને બેઇમાની સામે ખાસ કંઇ કર્યું ન હતું. પણ મારી સામે કાંઇ ચાલે તેમ ન હતું. મારે તેની સાથે અનેક વખત વાક્યુદ્ધ થયું. તેણે મારા માટે અનેક ચક્રવ્યૂહ રચ્યાં. મારા માર્ગમાં કંટકોની બિછાત કરી પણ હું હંમેશા તેની પહોંચથી દૂર જ રહ્યો. તેની દરેક ચાલ, તેનો ગુનાહિત ઇતિહાસ, સ્થાનિક હોવાના ફાયદા કોઇ પણ વસ્તુ તેને જાણે મદદરૂપ થતી ન હતી. તે શાંત થઇ ગયો. અને હવે મારી વાતને ઉપર છલ્લી રીતે પણ હવે માનવા લાગ્યો. સ્કૂલની બધી સાધન સામગ્રી ભીખુભાઇ સાહેબ લાવતા હતા. તે ઇમાનદારી પૂર્વક પોતાના પૈસા સમજીને સ્કૂલના પૈસાનો ખર્ચ કરતા હતા. મફતલાલ ફક્ત પેપરવર્ક જ કરતો હતો. મહિનાના પહેલા દિવસે જઇને બેંકમાં પગાર બીલ જમા કરાવી આપતો હતો. પછી દરેક શિક્ષક પોતાના ખાતામાંથી એક પછી એક જઇ પગાર લઇ આવતા હતા. એક વખત સ્કૂલના બાળકોની સ્કોલરશીપ તો પચાસ હજાર ને, ચેક આવ્યો. હું મફતલાલને લઇ બેંકમાં ગયો. અને પૈસા મારી પાસે રાખ્યા. મેં વિચારેલું કે કાલે તો વહેંચી દેવાના છે. મફતલાલ પર તો મને બિલકુલ વિશ્વાસ ન હતો. મેં મારા રૂમમાં કબાટમાં એ રૂપિયા સુરક્ષિત મુકી દીધા. સાંજે બહાર ફરીથે આવ્યો અને આવીને સુઇ ગયો.

**નવાં ક્લેવર**

**- નટવર હેડાઉ**

એ પછી પેલી રાત આવી જેનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે. રાતના લગભગ બે વાગ્યે મારૂં બહારનું બારણું કોઇએ ખખડાવ્યું. મેં જાણે કે સાંભળ્યું જ નથી તેમ પડ્યો રહ્યો. એટલે બારણું ખખડાવવાની સાથે સાથે જોર જોરથી અવાજો પણ આવવા લાગ્યા.

"અરે! ભાઇ જરા બારણું ખોલોને"

ત્યારે મારે ખોલવું જ પડ્યું.

"શું છે?" હું ખિજાયો

"અરે! સાહેબ, દિપચંદ શેઠની દુકાન કયા છે?" સામેથી કોઇએ પૂછ્યું.

"મને ખબર નથી." હું ચિડાઇને બોલ્યો.

થોડીવાર માટે અવાજો બંધ થઇ ગયા. અંદર કોઇ વાતો કરતા હોય તેવાં ગણગણાટ સંભળાતો હતો. ફરી અવાજ આવ્યો.

"અરે, સાહેબ તમારી લાઇટ ચાલુ છે તેથી તમને પુછીએ છીએ. અમે અજાણ્યા છીએ. જરા બહાર આવી મદદ કરો તો સારૂં."

તેના વિનમ્ર અવાજનો પણ મેં કોઇ જવાબ ન આપ્યો. મારી ઊંઘ ઉડી ગઇ હતી અને હવે હું ડરી પણ ગયો હતો. મને ખબર હતી કે એ લોકો બારણું તોડી નહી શકે. અને છતાં જો કંઇ એવું લાગશે તો પાછળનું બારણું ખોલીને હું નીકળી જઇશ. હું ચુપચાપ સજાગ થઇને બેસી ગયો હતો. થોડીવાર પછી એ લોકો જતા રહ્યા. મેં રાહતનો શ્વાસ લીધો. સ્કૂલે જઇને હું કામમાં એવો વ્યસ્ત રહ્યો કે આ બધું ભૂલી ગયો. મને આ વાત બિલકુલ યાદ રહી નહોતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જે પરિસ્થિતિ છે તેને તેવી જ સ્વીકારવી, ભવિષ્યની ચિંતા ન કરવી અને જે કંઇ બની રહ્યું છે તે માટે ઇશ્વરનો આભાર માનવો

**1. Just for Today, I will let go of anger.**
**2. Just for Today, I will let go of worry.**
**3. Just for Today, I will live in attitude of gratitude.**
**4. Just for Today, I will do my work honestly.**
**5. Just for Today, I will love and be kind to all living beings.**

"સેલ્ફ હીલીંગ" માટે રેકી પદ્ધતિ ખૂબ પ્રચલિત છે. તેના ફાઉન્ડરે આ પાંચ સૂત્રો અમલમાં મૂકવા પર ભાર મૂક્યો છે. આમ જોઇએ તો આ પાંચ સૂત્રો ચુસ્તપણે માનવાનામાં આવે તો મોટા ભાગના પ્રશ્નો હલ થઇ જાય. ના, પ્રશ્નો ઉભા જ ના થાય. કેમ કે દરેકને પ્રેમ કરીએ, માયાળુ બનીએ અને ગુસ્સો ના કરીએ તો સ્વાભાવિક રીતે જ આપણા મનમાં અને જીવનમાં શાંતિ રહેવાની જ છે.

આજે જે પરિસ્થિતિ છે તેને તેવી જ સ્વીકારવી, ભવિષ્યની ચિંતા ન કરવી અને જે કંઇ બની રહ્યું છે તે માટે ઇશ્વરનો આભાર માનવો. એકદમ સરળ અને સાચી પદ્ધતિથી હળવા રહેવાનો તણાવમુક્ત રહેવાનો ઉપાય બતાવી દીધો છે.

આપણે મોટા ભાગે ભૂતકાળનાં રોંદણાં રડ્યા કરીએ છીએ અથવા ભવિષ્યની ચિંતામાં દૂબળા પડતા જઇએ. પણ આજે જે કરી રહ્યા છીએ કે અનુભવીએ છીએ તેનો મનમાં કોઇ ભાવ રહેતો નથી.

**પારિજાત**

**- રેખા ભટ્ટ**

જાગ્રત અને ખુલ્લું મન રાખીને પ્રયત્ન કરવામાં આવે તો આ પાંચેય સૂત્રોનું પાલન કરવું અઘરૂં નથી અને પરિણામે ઘરમાં, મિત્રો સાથે કે નોકરી ધંધામાં આપણે સારી રીતે વર્તી શકીશું.

એક સરસ નાનકડી વાત છે કે એક સાધુએ ગામના નગરશેઠને બધી જંજાળ મૂકી સેવા પરાયણ જીવવા કહ્યું. એટલે નગરશેઠ કહે વાત તો તમારી સોના જેવી છે. પણ હમણાં મારી પાસે છ પેઢી ચાલે એટલું જ ધન છે. બસ, સાતમી પેઢી સુધી ચાલે એટલું ભેગું કરી લઉં એટલે મનને નિરાંત. એયને પછી લોક કલ્યાણનાં કામ કરવાં છે અને નિરાંતે હિંચકે ઝૂલવું છે.

સાધુ મહારાજે હસીને કહ્યું, લો એમાં શી મોટી વાત છે! એ પણ થઇ જશે. બસ, આપણા ગામના ગૌરીશંકરને એક ટંક જમાવી દો. તમારી સર્વે ઇચ્છાનું શમન થઇ જશે.

નગરશેઠ તો રાજી થઇ ગયા. "વાહ, આટલું સહેલું?" એ તો તરત જ ઉપડ્યા, ગૌરીશંકરને જમવાનું આમંત્રણ આપવા.

ગૌરીશંકર તો એમના ઘરે ઓટલા પર જ બેઠા હતા. એટલે નગરશેઠે હાથ જોડીને કહ્યું, "ગૌરીશંકર, આજે મારા ઘરે જમવા પધારો." ગૌરીશંકર કહે શેઠ થોડા જ મોડા પડ્યા. આજે તો મેં જમી લીધું. એટલે શેઠ બોલ્યા, "કંઇ નહીં, કાલે પધારજો જમવા." ગૌરીશંકર ઉભા થયા અને કહેવા લાગ્યા, "અરે શેઠ, કાલની ચિંતા કોમ કરે? હું તો આજની વાત જાણું. આજે તો મેં જમી લીધું. કાલની વતા કાલે નક્કી કરીશું." શેઠ તો નવાઇ પામી ગયા. અને ગૌરીશંકરને પ્રણામ કરીને તરત સાધુ મહારાજને મળવા નીકળી પડ્યા.

એટલે, વધારે પડતું વિચાર કરવાથી આજનું સુખ દેખાતું નથી અને કાલથી ચિંતા - વધારે પડતી મોટી જણાય છે.

એના કરતાં "આજ" એ મોટી ભેટ છે. એને વેડફીએ નહીં તો પણ ઘણું. ગુણવંત શાહના શબ્દોમાં,

"તમે આજે છાશ પીધી ખરી?
તમે આજે કેટલાં ફળ ખાધાં?
તમે આજે કેટલું ચાલ્યાં?
તમે આજે કેટલું જીવ્યા?"